# હું પોતે રસ્તો છું!



ઘણા વરસ પહેલા એક માણસ આફ્રિકાના જંગલામાં થઈને જતો હતો ત્યાં ખોવાઈ ગયો. છેવટે એણે ત્યાં એક નાનું ગામડુ જોયુ. ત્યાં જઈને એણે માણસોને પુછ્યુ મારે ફલાણી જગ્યામે જવું છે તો એનો રસ્તો બતાવશો? એક છોકરો એમને જંગલામાં ઝાડી કાપતા કાપતા લઈ ગયો. છોકરાની પાછળ લાંબો ટાઈમ ચાલ્યો પછી રસ્તો ના જોયો એટલે એ ગભરાયો અને છોકરાને પુછ્યુ  રસ્તો કયાં છે? આફ્રિકન છોકરો હસ્યો ને કહ્યુ અહી રસ્તો ના હોય હું પોતે રસ્તો છું! આ માણસે છોકરા પર વિશ્વાસ કરીને પાછળ ચાલતા ચાલતા અંતિમ મુકામે પોહચી ગયો.

પ્રિય મિત્ર, તમે જાણો છો કે તમે ખોવયેલા છો ને તમને તારનારની જરૂર છે? તમે જાણો છો કે તમે પોતે બચી નથી શકવાના અને ધર્મમાં જવાબ નથી? પ્રભુ ઈસુ કહે છે કે, ॥ માર્ગ તથા સત્ય તથા જીવન હું છું: મારા આશ્રય વિના બાપની પાસે કોઈ આવતું નથી.॥ (યોહન ૧૪:૬). દેવ તમને પ્રેમ કરે છે અને તેનો પોતનો એકનો એક દિકરો, ઈસુ ખ્રસ્ત, આપ્યો છે. જે તમારા પાપ માટે મરણ પામ્યો એટલે તમે બચી શકો છો અને સ્વર્ગમાં જઈ શકો. ત્રીજા દિવસે ખ્રિસ્ત સજીવન થયા અને આજે પણ જીવીત છે! જેવો આ માણસે છોકરા પર વિશ્વાસ કર્યો તેમ તમારા પાપનો પસ્તાવો કરીને પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરો.